બુટલેગરની કારીગરી જોઈ છાણી પોલીસ પણ ચોંકી ઉઠી

બાઈકની પેટ્રોલ ટાંકીમાં ચોરખાનું બનાવી દારૂની ડિલિવરી, 188 ક્વાર્ટર જપ્ત

સીટ નીચે પણ દારૂ છુપાવેલો હોવાનું સામે આવ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.11

વડોદરામાં દારૂની હેરાફેરી કરનાર બુટલેગરો હવે પોલીસને પણ ચોંકાવે એવી નવી નવી કારીગરી અપનાવી રહ્યા છે. તાજેતરમાં છાણી પોલીસે બાઈકની પેટ્રોલ ટાંકીમાં ખાસ બનાવેલા ચોરખાનામાં વિદેશી દારૂ સંતાડીને ડિલિવરી આપવા જઈ રહેલા બે શખ્સોને ઝડપી પાડતા ભારે ખળભળાટ મચી ગયો છે. પેટ્રોલ ટાંકીની અંદર ચતુરાઈથી દારૂ છુપાવેલો જોઈ પોલીસ સ્ટાફ પણ એક ક્ષણ માટે દંગ રહી ગયો હતો. છાણી પોલીસની ટીમ શનિવારે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી

ત્યારે બાતમી મળી હતી કે ઓમકારપુરા તરફથી બાજવા ચેકપોસ્ટ તરફ એક બાઈક પર બે શખ્સો વિદેશી દારૂ લઈ જઈ રહ્યા છે. બાતમી અનુસાર તેમણે બાઈકની પેટ્રોલ ટાંકીમાં ખાસ ચોરખાનું બનાવી નાની બોટલો સંતાડી હતી. જેના આધારે છાણી પોલીસે સ્ટેશન સામેના રોડ પર વોચ ગોઠવી હતી. બાતમી મુજબની બાઈક આવતા જ તેને અટકાવી તપાસ હાથ ધરવામાં આવી.

તપાસ દરમિયાન બાઈકની પેટ્રોલ ટાંકીમાં બનાવેલું ચોરખાનું ખુલતાં અંદરથી વિદેશી દારૂના 188 ક્વાર્ટર મળી આવ્યા હતા. ઉપરાંત સીટ નીચે પણ દારૂ છુપાવેલો હોવાનું સામે આવ્યું. પોલીસે દારૂનો જથ્થો, બે મોબાઈલ ફોન અને બાઈક સહિત કુલ રૂ. 63 હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે.

બે દિવસમાં બીજી વખત એ જ મોડસ ઓપરેન્ડી

પોલીસ માટે ચિંતાજનક બાબત એ છે કે માત્ર બે દિવસ અગાઉ પણ છોટાઉદેપુરના બે શખ્સોને આ જ મોડસ ઓપરેન્ડીથી દારૂની હેરાફેરી કરતા પકડવામાં આવ્યા હતા. ત્યારે પાણીની ટાંકીમાં ચોરખાનું બનાવી દારૂ સંતાડવામાં આવ્યો હતો અને હવે પેટ્રોલ ટાંકીમાં ચોરખાનું! આથી સ્પષ્ટ થાય છે કે બુટલેગરો સતત નવી નવી રીતો અપનાવી પોલીસને ચકમો આપવા પ્રયાસ કરી રહ્યા છે.

ઝડપાયેલા બંને આરોપીઓના નામ - સરનામા

ગોપાલ ચેતન રાઠવા (રહે. હોળી ફળિયું, લગામી ગામ, પો. ડોલરીયા, તા. જિ. છોટાઉદેપુર) અને અજય ગોપાલ રાઠવા (રહે. વચ્ચલું ફળિયું, ખોરવણીયા ગામ, તા. જિ. છોટાઉદેપુર)નો સમાવેશ થાય છે. છાણી પોલીસ દ્વારા દારૂ ક્યાંથી લાવ્યા હતા અને કોને ડિલિવરી આપવા જઈ રહ્યા હતા તે દિશામાં વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ચોખાના કટ્ટાની આડમા સંતાડેલો રૂ.18.67 લાખનો દારૂનો જથ્થો ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.11

છાણી વિસ્તારમાં આવેલી રામાકાકાની ડેરીની સામેની ગલીમાંથી કન્ટેનરમાં ચોખાના કટ્ટાની આડમાં વિદેશી દારૂ જથ્થો લવાયો હતો. પરંતુ દારૂનું કટિંગ થાય તે દરમિયાન છાણી પોલીસ તથા એલસીબી ઝોન-1ની ટીમે સંયુક્ત રીતે રેડ કરી હતી. જેમાં વિદેશી દારૂ રૂ. 18.67 લાખ,કન્ટેનર રૂ.12 તેમજ કાર રૂ.9 લાખ ચોખાના કટ્ટા રૂ.10.62 લાખ સહિત રૂ. 50.51 લાખનો મુદ્દામાલ કબજે કરાયો છે. ઉત્તરાયણના તહેવાર દરમિયાન દારૂની રેલમછેલ કરવા માટે બૂટલેગરો મોટી માત્રા જથ્થો રાજ્ય બહારથી મંગાવે છે. પરંતુ શહેર પોલીસ દ્વારા દારૂની હેરાફેરી પર સીસીટીવી કેમેરાની જેમ બાજ નજર રાખી રહી છે અને બુટલેગરોના દરેક મનસુબા પર પાણી ફેરવી રહી છે. તાજેતરમાં પીસીબી પોલીસે પણ મોટી માત્રામાં ખેડા લઈ જવાતો વિદેશી દારૂ ઝડપાયો છે છાણી પોલીસે છેલ્લા ઘણા દિવસોથી દારૂની હેરાફેરી પર સપાટો બોલાવવાનું શરૂ કર્યું છે. ત્યારે ફરી છાણી વિસ્તાર રામાકાકા ડેરીની સામે આવેલી ગલીમાંથી ચોખાની થેલીઓની આડમાં સંતાડીને કન્ટેનરમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને લવાઇ રહ્યો છે. આ દારૂનો જથ્થો બુટલેગર

મોહનસિંગ રણવીરસિંગ શેખાવત (રહે.કરોડીયા)એ મંગાવ્યો છે અને ત્યાંથી વિદેશી દારૂનું કટિંગ કરવામાં આવનાર છે. તેવી મળેલી બાતમીના આધારે છાણી પોલીસ તથા એલસીબી ઝોન-1ની ટીમે બાતમી મુજબના સ્થળ પર રેઈડ કરી હતી. કટિંગ કરતા પહેલા ત્યારે સ્થળ પરથી વિદેશી દારૂ ભરેલા કન્ટેનર સાથે એક શખ્સ ઝડપી પાડ્યો હતો. પોલીસે ચાલકને નીચે ઉતાર્યા બાદ તેને સાથે રાખીને કન્ટેનરમાં તપાસ કરી હતી ત્યારે વિદેશી દારૂની બોટલ અને ક્વાટર નંગ 5844 મળી આવ્યાં હતા. જેથી રૂપીયા 18.67 લાખનો વિદેશી દારૂ, કન્ટેનર રૂ.12 લાખ તથા કન્ટેનર તેમજ ચોખાના કટ્ટા સહિત રૂપિયા 50.61 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પોલીસે ચાલકની ધરપકડ કરી દારૂ મંગાવનાર લિસ્ટેડ બુટલેગર તથા મોકલનાર સહિતના બે લોકોને વોન્ટેડ જાહેર કર્યા છે.

પકડાયેલા આરોપીનુ નામ અને સરનામુ
સાકીર નીઝરમોહમ્મદ ખાન રહે. મસ્જીદની પાસે. કુકરપુરી ગામ, તા.પહાડી કુકરપુરી, જી.ભરતપુર રાજસ્થાન

વોન્ટેડ આરોપીઓનુ નામ અને સરનામુ :
મોહન રણવીરસિંગ શેખાવત (રહે. કરોડીયા, વડોદરા શહેર)
ફારુક

ટિકિટની કાળાબજારીમાં BCAમાંથી કોણે હાથ કાળા કર્યા?

વડોદરા ગુજરાતમિત્ર વડોદરાની ગપસપ

વડોદરામાં રમાયેલી ભારત ન્યૂઝિલેન્ડ વનડેમાં બુક માય શો પર એક વ્યક્તિને 2 જ ટિકિટ બુક કરવાની મંજૂરી હતી–આ નિયમ બધાને ખબર છે. તો પછી બે વ્યક્તિ પાસે અંતે 17 ટિકિટ આવી ક્યાંથી? આ પ્રશ્ન હવે ક્રિકેટનો નથી રહ્યો, આ તો સીધો BCAની વ્યવસ્થાનો સ્કોરકાર્ડ છે.

BCA વારંવાર પારદર્શિતા, પ્રોફેશનલ મેનેજમેન્ટ અને "ફેર ચાન્સ"ની વાત કરે છે. પરંતુ આ પારદર્શક સિસ્ટમમાં કાળાબજારીયાઓ એટલા આરામથી પ્રવેશી ગયા કે ક્રિકેટપ્રેમીઓ માત્ર સ્ટેડિયમની બહાર "લાઈવ સ્ક્રીન" બન્યા. એક તરફ "બુક માય શો" પર મર્યાદા, બીજી તરફ 17 ટિકિટ–આ ગણિત BCA સમજાવશે કે પછી ફરી મૌન રાખશે?

શહેર ક્રાઈમ બ્રાન્ચે બે યુવકોને પકડી લીધા–સારી વાત છે. પરંતુ સવાલ એ છે કે ટિકિટ બુક થવા જ કેમ દેવામાં આવી? શું BCAને ખબર નહોતી કે કોમ્પ્લીમેન્ટરી પાસ, ઈન્સાઈડર ક્વોટા અને પસંદગીના લોકો માટે મર્યાદા કાગળ પર જ રહે છે? કે પછી બધું જાણતા જોઈને પણ અજાણ બનવાનું નાટક ચાલે છે?

BCA જો સાચે નિર્દોષ હોય તો એક સાદો જવાબ આપે– એક એકાઉન્ટમાંથી મર્યાદા તોડી ટિકિટ બુક કેવી રીતે થઈ? ક્યા ક્વોટામાંથી આવી? કોના પરવાનગીથી? ક્રિકેટપ્રેમીઓ હવે એટલું જ પૂછે છે– મેચ જોવાનો અધિકાર પ્રજાનો છે કે BCAના "પસંદગીદાર વર્ગ"નો? . BCA જો હવે પણ જવાબ નહીં આપે, તો આવતી મેચમાં ફરી એ જ દૃશ્ય હશે– ટિકિટ અંદર, પ્રેમી બહાર અને BCA કહેતી રહેશે, "સિસ્ટમ perfectly working છે."

BCA મેમ્બરોને મળતા કૉમ્પ્લિમેન્ટરી પાસનો અર્થ શું? આભાર સ્વરૂપે મળેલા પાસ કે પછી બ્લેક માર્કેટમાં વેચવા માટેનો લાયસન્સ? ક્રિકેટપ્રેમીઓને કહેવામાં આવે છે–"ટિકિટ ખૂટી ગઈ." અને એ જ સમયે BCAના મેમ્બરોના કૉમ્પ્લિમેન્ટરી પાસ ખિસ્સામાંથી સીધા WhatsApp પર, અને ત્યાંથી કેશમાં કન્વર્ટ થઈ જાય! વાહ! પારદર્શિતા એવી કે અંધારામાં પણ બધું દેખાય–બસ જવાબ આપનાર દેખાતો નથી. રીતે પુણ્ય બની જાય છે? પ્રજા લાઈનમાં ઊભી રહે, સાઈટ ક્રેશ થાય, OTP ન આવે– અને BCAના કૉમ્પ્લિમેન્ટરી પાસ દસ-બાર હજારની "કૉમ્પ્લિમેન્ટ" સાથે આરામથી વેચાઈ જાય! આ ક્રિકેટ મેનેજમેન્ટ છે કે ટિકિટ ટ્રેડિંગ કંપની? ક્રાઈમ બ્રાન્ચે બે-ચાર કાળાબજારી પકડી–સારી વાત. પણ સવાલ તો ત્યાં જ છે: પાસ આપનાર કોણ? વેચનાર કોણ? અને આંખ મીંચનાર કોણ? સ્ટેડિયમ પ્રજાનું છે, ટિકિટ BCAની અને કમાણી કાળાબજારીની. ક્રિકેટપ્રેમીઓ હવે તાળી નથી પાડતા– તેઓ હિસાબ માંગે છે.

વડોદરાની લોકશાહી: બધાં બોલે છે, સાંભળતું કોઈ નથી

વડોદરા જિલ્લામાં ભાજપના ધારાસભ્યોએ ભેગા મળીને, સંગઠનમે શક્તિ હૈ એવા નારા સાથે મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે–ફરિયાદ સીધી અને સરળ છે, "અધિકારીઓ અમારું સાંભળતા નથી." વાંચીને એવું લાગે કે સત્તા હવે પત્રવ્યવહાર પર ચાલે છે. ત્યાં જ સાંસદ સાહેબ આત્મવિશ્વાસથી જાહેર કરે છે–"અધિકારીઓ તો બધાંનું સાંભળે છે." હવે સવાલ એ નથી કે અધિકારીઓ સાંભળે છે કે નહીં, સવાલ એ છે કે સાચું કોણ બોલે છે? ધારાસભ્યો કે સાંસદ? મજાની વાત એ છે કે ઉમર અને અનુભવ અને પરિપક્વતા બધામાં સાંસદ ધારાસભ્યોથી નાના, પરંતુ આત્મવિશ્વાસ એવો કે જાણે આખું તંત્ર તેમના ડ્રાફ્ટમાં ચાલે. ધારાસભ્યો કહે છે–અમે ચૂંટાયેલા છીએ છતાં અવાજ નથી. સાંસદ કહે છે–બધું બધું સંકલનથી પરફેક્ટલી ફાઈન ચાલે છે. અધિકારીઓ તો બન્ને તરફ માથું હલાવે છે. અંદરથી એક જ પ્રશ્ન–આજે ગાંધીનગરથી ફોન કોનો આવશે? ફાઈલ ઉપર કોની સહી પડશે? સાંસદ કે ધારાસભ્યનું કેટલું સાંભળવું–એ નક્કી થઈ જાય એટલે કામ પૂરું. અને પ્રજા? પાણી માટે રડે, રસ્તા માટે ફસડે, ગટરમાં માટે લપસે અને મરી જાય. સામાન્ય ફાઈલ પર સાહેબની સહી કરાવવા ટેબલે ટેબલે ભટકે અને દરેક સાહેબ માટે વ્યવહાર કરતી જાય પણ પ્રજાનું તો કોઈ કેમ સાંભળે? એ તો ફાઈલમાં નથી. વડોદરાની હકીકત બહુ સ્પષ્ટ છે– અધિકારીઓ બધાંનું સાંભળે છે. સિવાય પ્રજાનું.

ચર્ચા તો થશે જ! નેતાજીએ ઠગને કહ્યું "હું પ્રિન્સિપાલ છું", લોકોએ પૂછ્યું–"આવી રીતે જ મોટા નેતા બન્યા છો?"

વડોદરામાં ભાજપના સૌથી સિનિયર અને કદાવર ગણાતા એક વૃદ્ધ નેતાને એક દિવસ અજાણ્યા નંબર પરથી ' કોલ' આવ્યો. કોલ કોઈ ભૂલથી નહોતો–એ તો આજકાલ ફેશનમાં આવેલા ડિજિટલ એરેસ્ટનો પ્રયાસ હતો. ફોન કરનાર ઘમંડથી બોલ્યો, "હું મુંબઈ પોલીસમાંથી બોલું છું, તમારા નામે નોટિસ છે." સામાન્ય નાગરિક હોત તો ગભરાઈ ગયો હોત, પરંતુ નેતાજીએ વર્ષોનો અનુભવ બતાવ્યો અને કરારો જવાબ આપ્યો–"ભાઈ, જે સ્કૂલમાં તું ભણે છે ને, તેનો હું પ્રિન્સિપાલ છું."

બસ, અહીંથી કિસ્સો વાયરલ થયો. ઠગ તો ગભરાઈ ગયો, પણ શહેરભરમાં લોકો હસી હસી ને એકબીજાને પૂછવા લાગ્યા–"વાહ! આવો આત્મવિશ્વાસ તો અમને પણ જોઈએ."

આ પછી નેતાજીએ તુરંત મુખ્યમંત્રી અને ગૃહ રાજ્યમંત્રીને ફોન કર્યો. પરિણામ? પોલીસ એક્શન મોડમાં. રસ્તા પર ડોક્યુમેન્ટ વગર સીમકાર્ડ વેચાતાં હોય એવી દુકાનો બંધ કરવાની સૂચનાઓ. વાહ! જે કામ વર્ષોથી થતું ન હતું, તે એક ફોનમાં શક્ય બન્યું.

અહીં જ જનતાનો સવાલ શરૂ થાય છે. હજારો લોકો અત્યાર સુધી સાયબર ફ્રોડમાં લાખો ગુમાવી ચૂક્યા–ત્યારે પોલીસ ક્યાં હતી? તંત્ર કેમ સૂતું હતું? શું સાયબર ક્રાઈમ સામે કાર્યવાહી માટે કોઈ નેતાને ટાર્ગેટ થવું જરૂરી છે?

ચોરે-ચોક પર હવે નવી ચર્ચા છે–નેતાજીએ જે કહ્યું કે "હું પ્રિન્સિપાલ છું", એ માત્ર જવાબ હતો કે સંકેત? લોકો પૂછે છે–"શું રાજકારણમાં પણ આવો જ શોર્ટકટ અપનાવ્યો હતો?"

સોશિયલ મીડિયા પર તો હવે નેતાજીના આર્થિક સામ્રાજ્યથી માંડી કાર્યપદ્ધતિ સુધી બધું ચર્ચામાં છે.

સૌથી મોટો સવાલ એ જ રહે છે–કાયદો બધાં માટે સમાન છે કે માત્ર વગદાર માટે ફાસ્ટ ટ્રેક પર ચાલે છે?

વડોદરામાં રફ્તારનો કહેર યથાવત : નાગરિકોના જીવ જોખમમાં

વુડા સર્કલ પાસે અકસ્માત, કાર ચાલકની અડફેટે બે યુવાનો લોહીલુહાણ

એકને પગમાં ગંભીર ફ્રેક્ચર, SSGમાં સારવાર હેઠળ

(પ્રતિનિધિ) વડોદરા તા.11

વડોદરા શહેરમાં માર્ગ અકસ્માતોની ઘટનાઓ અટકવાનું નામ નથી લઈ રહી. આજે શહેરના વુડા સર્કલ પાસે વધુ એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બંને યુવાનોને ગંભીર ઈજાઓ પહોંચી છે, જેમને તાત્કાલિક સારવાર માટે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, કારેલીબાગ વિસ્તારમાં આવેલા આનંદનગરમાં રહેતા ગિલ્સ ઠાકોર અને તેનો મિત્ર સાગર પટેલ આજે બપોરના સમયે પોતાના બાઈક પર માંડવી તરફ દર્શન કરવા જઈ રહ્યા હતા.

યુવાનોને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે સયાજી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. પ્રાથમિક વિગતો મુજબ, ગિલ્સ ઠાકોરને પગના ભાગે ગંભીર ફ્રેક્ચર થયું છે, જ્યારે સાગર પટેલને પણ શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચતા હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. હોસ્પિટલના બિછાનેથી ઈજાગ્રસ્ત યુવાને જણાવ્યું હતું કે, "અમે બંને મિત્રો શાંતિથી માંડવી દર્શન કરવા જઈ રહ્યા હતા, તે દરમિયાન એલ.એન્ડ.ટી. સર્કલ પાસે એક કાર ચાલકે અચાનક આવીને અમને ટક્કર મારી દીધી હતી."

વડોદરા શહેરમાં વધી રહેલા અકસ્માતોને પગલે ટ્રાફિક પોલીસ અને તંત્ર સામે સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે. હાલ પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

અક્ષર ચોક-અટલાદરા બ્રિજ પર બે કાર વચ્ચે અકસ્માતથી ટ્રાફિકજામ

વડોદરા સંસ્કારી નગરીમાં ટ્રાફિકની સમસ્યા વકરી રહી છે ત્યારે ગઈકાલે શહેરના વ્યસ્ત ગણાતા અક્ષર ચોકથી અટલાદરા તરફ જતા ફ્લાયઓવર બ્રિજ પર બે વાહનો વચ્ચે સર્જાયેલા અકસ્માતે વહીવટી તંત્રની કામગીરી અને ચાલકોની શિસ્ત સામે અનેક સવાલો ઉભા કર્યા છે. બંને વાહન ચાલકોની ગંભીર બેદરકારીને કારણે થયેલી આ ટક્કરને લીધે બ્રિજ પર કલાકો સુધી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.

રિક્ષામાં ભુલાયેલું રૂ.2.87 લાખની મતા ભરેલું પર્સ પોલીસે જરોદની મહિલાને પરત કરાવ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.11

વડોદરા જિલ્લાના જરોદ ખાતે રહેતી મહિલા સેન્ટ્રલ એસડી ડેપો આવી હતી ત્યાં ઉતર્યા બાદ રિક્ષામાં બેસીને ઓપી રોડ પર ગયા હતા. ઘરે પહોંચ્યાં બાદ પોતાની સોનાની ચેન, રોકડ રકમ અને મોબાઈલ સહિતના રૂ. 2.87 લાખની મતા ભરેલું પર્સ રિક્ષામાં ભુલી ગયા હતા. ત્યારે સયાજીગંજ પોલીસે ગણતરીના કલાકોમાં સીસીટીવી ફુજેટમાંથી રિક્ષાના નંબરના આધારે ચાલકને શોધી કાઢ્યો હતો. ત્યારબાદ મહિલા પર્સ પરત મેળવી લીધા બાદ પોલીસ સ્ટેશન ખાતે મહિલાને બોલાવી પરત આપ્યું હતું. વડોદરા જિલ્લાના જરોદ ગામે શ્રીજી પોળમાં રહેતા સંગીતાબેન નરેન્દ્રસિંહ ચૌહાણ 11 જાન્યુઆરીના રોજ જરોદથી બસમાં બેસી વડોદરા સેન્ટ્રલ બસ સ્ટેશન ખાતે ઉતર્યાં હતા. ત્યારબાદ ત્યાંથી પોતાના પિયર વિદ્યુતનગર કોલોની ઓ.પી. રોડ જવા માટે ઓટોરીક્ષામાં બેસવા માટે જતા હતા. તે દરમ્યાન તેમના પર્સમાંથી કોઈ ગઠિયાએ સોનાની ચેઈન રૂ. 2.50 લાખ તથા રોકડ રકમ રૂપિયા 17 હજાર તથા બે મોબાઈલ ફોન રૂ. 10 હજાર સહિતનું બેગ ઉતાવળમાં રીક્ષામાં ભુલી ગયા હતા. જેની ફરિયાદ મહિલાએ સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ દ્વારા રીક્ષાવાળાને શોધવા માટે તાત્કાલીક વડોદરા સેન્ટ્રલ બસ સ્ટેશનથી ઓ.પી. રોડ સુધી આજુબાજુના વિસ્તારના સીસીટીવી ફુટેજ તપાસ કરતા જે રીક્ષામાં બેઠેલા તે રીક્ષાનો રજીસ્ટ્રેશન નંબર સીસીટીવી ફુટેજમાં જણાય આવ્યો હતો. જેના પરથી પોલીસે રીક્ષા ચાલકનો સંપર્ક કર્યો હતો તેનો બોલાવ્યાં બાદ પુછપરછ કરતા તેઓ જણાવ્યું હતું કે રીક્ષાની પાછળના ભાગે એક બેગ પડેલુ હતુ જેમાં બે તોલાની સોનાની ચેઈન, રોકડ રકમ તથા બે મોબાઈલ હતા. જે પર્સ રીક્ષાવાળા પાસેથી પરત મેળવી અરજદારને પરત સોપવામાં આવ્યું છે.

કિશનવાડીમાં પેરાલિસીસમાં સારવાર લેતી દીકરીને અંધશ્રદ્ધધાના ચુંગાલમાંથી અભયમે બચાવી

વડોદરા : કિશનવાડી વિસ્તારમાં રહેતી મહિલાની દીકરીને પેરાલિસિસ થઇ ગયું હતું. જેથી દીકરીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરી હતી. પરંતુ દીકરીના અંધશ્રદ્ધાળુ પિતા ચાલુ સારવાર દરમિયાન દીકરીને ઘરે લઇ આવ્યાં હતા અને મંદિરમાં દીકરી સુવડાવી તેના ચારે તરફ દીવા પ્રગટાવ્યાં હતા. જેથી માતાએ 181 મહિલા હેલ્પ લાઇન પર કોલ મદદ માગી હતી. અભયમની ટીમ આવતા પિતાએ મંદિરમા સારું થઈ જશે કોઈ સારવાર લેવી નથી તેવી કહેતા અભમયની ટીમે તેમને યોગ્ય સમજ આપતા તેઓ સારવાર કરાવવા માટે સહમત થયા હતા.

કલાલી તળાવમાં તંત્રની ઘોર બેદરકારી સામે આવી

તળાવમાં મગરનો વસવાટ છતાં સુરક્ષાના નામે માત્ર 'પ્લાસ્ટિકની દોરી'ના ભરોસે જનતા!

25માંથી 17 લાઈટો બંધ હોવાથી અંધારપટ છવાયેલો રહે છે : સ્થાનિકો

(પ્રતિનિધિ) વડોદરા તા.11

વડોદરા મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ સિટીના દાવાઓ કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ જોવા મળી રહી છે. વડોદરાના કલાલી ગામ સ્થિત તળાવ પાસે પાલિકાની ઘોર બેદરકારી સામે આવી છે, જેના કારણે સ્થાનિક રહીશો અને મોર્નિંગ વોકર્સમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. કલાલી તળાવની આસપાસ લગાવવામાં આવેલી 25 જેટલી સ્ટ્રીટ લાઈટોમાંથી અંદાજે 17 લાઈટો લાંબા સમયથી બંધ હાલતમાં છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે તંત્ર દ્વારા માત્ર શોભાના ગાંઠિયા સમાન થાંભલા ઊભા કરી દેવામાં આવ્યા છે, પરંતુ રાત્રિના સમયે કે વહેલી સવારે અહીં સંપૂર્ણ અંધારપટ છવાયેલો હોય છે. વહેલી સવારે વોકિંગ માટે આવતા વૃદ્ધો અને મહિલાઓને અંધારામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ તળાવમાં બે થી ત્રણ મગરો વસવાટ કરે છે અને અવારનવાર સાપ પણ જોવા મળે છે. લાઈટો બંધ હોવાને કારણે અને ઝાડ-પાનની ગીચતા વચ્ચે વન્યજીવોના હુમલાનો ભય સતત તોળાઈ રહ્યો છે. અંધારામાં કોઈ અઘટિત ઘટના ઘટે તો તેની જવાબદારી કોની? તેવો પ્રશ્ન લોકો ઉઠાવી રહ્યા છે. સૌથી ગંભીર બાબત એ છે કે તળાવની આસપાસ કોઈ મજબૂત પ્રોટેક્શન વોલ કે લોખંડના બેરીકેટ્સ લગાવવામાં આવ્યા નથી. તળાવની બિલકુલ બાજુમાં બાળકો માટેનું ગાર્ડન આવેલું છે, જે તળાવથી માત્ર 10-15 ફૂટના અંતરે જ છે. પાલિકાએ સુરક્ષાના નામે અહીં માત્ર પ્લાસ્ટિકની દોરી બાંધીને સંતોષ માની લીધો છે. જો કોઈ નાનું બાળક રમતા-રમતા તળાવમાં ખાબકે, તો મોટી જાનહાનિ થવાની શક્યતા છે. સ્થાનિક નાગરિકોએ સ્થળ મુલાકાત લઈ વડોદરા મહાનગરપાલિકાની કામગીરી પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે જણાવ્યું કે, સત્તાધીશો કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યા હોય તેવું લાગે છે. માત્ર કાગળ પર વિકાસ કરવાને બદલે પ્રાયોગિક ધોરણે લોકોની સુરક્ષા માટે તળાવ પર મજબૂત બેરીકેટ્સ લગાવવામાં આવે અને બંધ લાઈટો તાત્કાલિક શરૂ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

'ઈનોવેશનની ભવાઈ' દ્વારા AI યુગનું લોકકળાત્મક વિશ્લેષણ

(પ્રતિનિધિ) વડોદરા તા.11

ગુજરાતની લોકનાટ્ય પરંપરાની અનન્ય ઓળખ ગણાતી ભવાઈ આજે પણ સમય સાથે ચાલવાની ક્ષમતા ધરાવે છે, તેનો સાક્ષાત્કાર મેકર ફેસ્ટ 2026ના ઉદ્ઘાટન પ્રસંગે કલાભવનના મંચ પર થયો. ત્રિવેણી થિયેટર દ્વારા પ્રસ્તુત નાટક 'ઇનોવેશનની ભવાઈ'એ સદીઓ જૂની ભવાઈ લોકકળાના માધ્યમથી આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) જેવા આધુનિક વિષયને રસપ્રદ રીતે રજૂ કર્યો.

1960થી વડોદરાના સાંસ્કૃતિક ક્ષેત્રે સક્રિય ત્રિવેણી થિયેટરે આ નાટકમાં પરંપરા અને નવીનતાનો સુંદર સમન્વય કર્યો. યુવા દિગ્દર્શક યશસ્વી પંડ્યાના માર્ગદર્શન હેઠળ, લેખક બ્રિજેશ પંચાલે AI અને માનવતાના સંબંધને લોકબોલીમાં વણી લીધો. વૈભવ ઠક્કરના હાસ્યસભર સંવાદોએ ગંભીર વિષયને પણ મનોરંજક બનાવ્યો.

બરોડા સાયક્લોપેડિયન દ્વારા ધો.8થી 12ના વિદ્યાર્થીઓ માટે વર્કશોપ યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.11

બરોડા સાયક્લોપેડિયન દ્વારા આજે સવારે સરદાર એસ્ટેટ કોમ્યુનિટી હોલમાં ધો.8 થી 12ના વિદ્યાર્થીઓ માટે એક વર્કશોપનું આયોજન કર્યું હતું. 60 વિદ્યાર્થીઓએ સત્રમાં ભાગ લીધો હતો જ્યાં ડૉ. દિપલ પટેલ વક્તા હતા જેમણે વિદ્યાર્થીઓને યાદ રાખવા અને તણાવ અને ચિંતાનું સંચાલન કરવાની તાલીમ આપી હતી. તેણીએ કહ્યું કે ત્યાં 8 પ્રકારની બુદ્ધિ છે જે આપણામાંના દરેક પાસે છે પરંતુ જુદા જુદા પ્રમાણમાં છે. તેણીએ તમામ 5 વિશેષ સંવેદનાઓનો ઉપયોગ કરીને વિષયોને યાદ રાખવા પર ભાર મૂક્યો હતો. તેણીએ માતાપિતાને તેમના બાળકો પર દબાણ ઘટાડવા માટે પણ સૂચના આપી હતી. ડૉ. ભાઈસાહેબ ઝુલકરનૈને તેમના પ્રારંભિક ભાષણમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે બાળકોની એકબીજા સાથે સરખામણી ન કરવી જોઈએ. દરેક બાળક ખાસ અને અલગ છે.

કાઝીપેટની ખો-ખો ચેમ્પિયનશિપ માટે વડોદરાની રિયા યાદવની પસંદગી

સતત પ્રેક્ટિસ, શિસ્તબદ્ધ જીવનશૈલી અને રમત પ્રત્યેની સમર્પણ ભાવનાએ રિયાને આ ઊંચી સિદ્ધિ સુધી પહોંચાડી

(પ્રતિનિધિ) વડોદરા તા.11

કાઝીપેટ, તેલંગાણા ખાતે તારીખ 11 જાન્યુઆરીથી 15 જાન્યુઆરી 2026 દરમિયાન યોજાનારી 58મી સિનિયર રાષ્ટ્રીય ખો-ખો ચેમ્પિયનશિપ માટે વડોદરાની એકમાત્ર દીકરી રિયા સુરેશભહાદુર યાદવની પસંદગી થવાથી શહેરને ગૌરવ પ્રાપ્ત થયું છે.

રિયા છેલ્લા પાંચ વર્ષથી મધ્યસ્થ રમત કેન્દ્ર ખાતે નિયમિત અને કઠોર તાલીમ લઈ રહી છે. તેની મહેનત અને નિષ્ઠાનું પરિણામ એ છે કે તે અગાઉ ત્રણ યુનિવર્સિટી નેશનલ ખો-ખો સ્પર્ધાઓમાં પણ ભાગ લઈ ચૂકી છે. સતત પ્રેક્ટિસ, શિસ્તબદ્ધ જીવનશૈલી અને રમત પ્રત્યેની સમર્પણ ભાવનાએ રિયાને આ ઊંચી સિદ્ધિ સુધી પહોંચાડી છે.

રિયાની પસંદગીથી રમતજગતમાં તેમજ વડોદરાના ખેલપ્રેમીઓમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. તેના કોચ, પરિવારજનો અને સાથી ખેલાડીઓએ રિયાને શુભેચ્છાઓ પાઠવી છે અને રાષ્ટ્રીય મંચ પર શ્રેષ્ઠ પ્રદર્શન કરવાની આશા વ્યક્ત કરી છે.